# આંતરિક માર્ગોની સુધારણાના અભાવે સ્થાનિકોમાં રોષ

## નિયત સમયના અંતે પણ માર્ગોનુ રીસરફેસીંગ થયુ નથી : તંત્રએ કરેલી દરખાસ્ત પણ પેન્ડીંગ : આડેધડ પેવર બ્લોક નાંખવામાં આવ્યા બાદ નીચાણમાં ગરકાવ થયેલા માર્ગોની દશા વધુ ખરાબ થઇ છે

ગાંધીનગર તા ૫

ગાંધીનગરના જુના અને નવા સેકટરોમાં છેલ્લા ચાર પાંચ વર્ષથી માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી નથી જેના લીધે સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગો ઉબડ ખાબડ જોવા મળે છે. અગાઉ જુના સેકટરોમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવા માટે તંત્રએ દરખાસ્ત કરી હતી પરંતુ હજુ સુધી આ દરખાસ્ત સંદર્ભે કોઈ નિર્ણય લેવાયો નથી. જયારે નવા સેકટરોમાં પણ પેવર બ્લોકની આડેધડ કામગીરીના અંતે નિચાણમાં ગરકાવ થયેલા માર્ગોનુ વરસાદી દિવસોમાં ધોવાણ થયુ છે. ત્યારે સેકટરોમાં આંતરિક માર્ગોનુ નેટવર્ક યોગ્ય કરવા માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગ કરી છે.

ગાંધીનગરના જુના સેકટરોમાં છેલ્લા પાંચ સાત વર્ષથી માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી શહેરના જુના સેકટરોની જેમ નવા સેકટરોમાં પણ માર્ગોની કામગીરી છેલ્લા ઘણાં સમયથી થઈ નથી જેન લીધે સેકટરોમાં આંતરિક માર્ગોની દશા ખરાબ થઈ છે. શહેરમાં મુખ્યમાર્ગોની સુધારણા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે મુખ્યમાર્ગોને અનુલક્ષી અન્ડર પાસ પણ તૈયાર થઈ રહ્યા છે. બીજીતરફ સેકટરોના એપ્રોચને પણ ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. શહેરમાં ચાર દાયકાના અંતે વસતી અને વિકાસને અનુલક્ષી સેકટરોના આંતરિક માર્ગો પર વાહનોની અવરજવર વધી છે. જયારે સેકટરોના એપ્રોચ માર્ગો પર ટ્રાફિક જોવા મળે છે. દિવસ દરમિયાન વાહનોની વિશેષ અવરજવર રહે છે. જેને અનુલક્ષી સેકટરોના એપ્રોચને ફોરટ્રેક કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે જો કે આ કામગીરી કોર્પોરેશન કક્ષાએથી હાથ ધરવામાં આવી છે. પરંતુ સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરાબ છે. એકબાજુ સેકટરોમાં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ છેલ્લા ચાર પાંચ વર્ષના અંતે પણ હાથ ધરવામાં આવ્યુ નથી જેમાં ગત ચોમાસાના અંતે માર્ગોનુ વિશેષ ધોવાણ થયુ છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં આંતરિક માર્ગોનુ રોડનેટવર્ક ઉબડ ખાબડ જોવા મળે છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ રીંગ રોડ પર ઉબડ ખાબડ સ્થિતિ જોવા મળી રહી છે. જયારે સોસાયટીમાં પણ અગાઉ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલી પેવર બ્લોકની કામગીરીના લીધે માર્ગો નીચાણમાં ગરકાવ થઈ ગયા છે. વરસાદી પાણીના ભરાવાના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. સતત વિવિધ કામગીરીને અનુલક્ષીને થતા ખોદકામ અને પેવર બ્લોકની આડેધડ કામગીરીના લીધે સેકટરોમાં આંતરિક માર્ગો પર કેટલાક ઠેકાણે ખાડા ટેકરા જોવા મળે છે. સોસાયટીમાં પણ માર્ગો પરથી ડામરની કાંકરીઓ ઉખડી ગયેલી જોવા મળે છે જેના લીધે સ્થાનિકો વિશેષ રીતે પરેશાન છે. આ મામલે અગાઉ સે-૧ થી ૫ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ નિયત સમયના અંતે પણ હાથ ધરાયુ નથી જયારે જુના સેકટરોમાં પણ માર્ગો ખરબચડા જોવા મળી રહ્યા છે. આ મામલે સ્થાનિકોએ અવારનવાર રજુઆત કરવા છતા હજુ સુધી માર્ગ સુધારણા સંદર્ભે કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી તંત્ર કક્ષાએથી પણ લાંબા સમય અગાઉ આ અન્વયે એક દરખાસ્ત વિભાગને કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી સેકટરોના આંતરિક માર્ગોને અનુલક્ષી કોઈ આયોજન કરવામાં આવ્યુ નથી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ જુના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી ઉપરાંત કેટલાક ઠેકાણે સી સી રોડ બનાવાની વાત હતી જેને અનુલક્ષીને હજુ કામગીરી થઈ ન હોવાનો રોષ પણ વ્યકત કર્યો છે. જયારે સેકટરવાસીઓ પણ આ મામલે સતત રજુઆત કરી રહ્યા છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા પંચાયતની ખેત-ઉત્પાદન સહકાર સમિતિની બેઠક ૭મીને સોમવારે બપોરે બે વાગે મળશે.
- ગાંધીનગર જિલ્લામાં ખેલ મહાકુંભ અંતર્ગત ૫૨ હજારથી વધુ ખેલાડીઓનું ઉત્યાર સુધીમાં રજીસ્ટ્રેશન થયુ છે.
- જિલ્લામાં કુપોષણની સમસ્યાને લઈ જિલ્લા કલેકટરે ૭મીએ અધિકારીઓની બેઠક બોલાવી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખામાં કર્મચારીઓએ નાસ્તા માટે સીંગ-ચણાનો ડબ્બો રાખ્યો છે.
- જિલ્લાની સરકારી કચેરીઓમાંથી સંક્રમણ ઘટતાં સેનેટાઈઝર મશીનો પણ હવે ધીરે ધીરે માળિયે ચડાવવામાં આવી રહ્યા છે.
- ૧૧-૧૨ના વડાપ્રધાનના સૂચિત પ્રવાસને લઈ આજે અન્ય જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ મહેમાન બન્યા હતા. આ નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓનો ૧૧મીની પંચાયત મહાસભાની જવાબદારી સોંપવામાં આવી છે.
- ૮મીએ વિશ્વ મહિલા દિવસની રાજ્યકક્ષાની ઉજવણી નેશનલ લૉ યુનિ.ના ઓડિટોરિયમમાં મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને યોજાશે.
- શહેરના આંતરિક માર્ગોની સફાઈ માટે તંત્રએ ઝુંબેશ હાથ ધરવી જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે.
- રંગમંચોની સફાઈ નિયમિત ન થતી હોવાની તેમજ તેની જાળવણી અને નિભાવણી પણ યોગ્ય રીતે ન થતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




યુક્રેનથી તો તરત આવી ગયો પણ મંત્રીઓએ સ્વાગત કરવા રાખ્યો તેમાં મોડુ થયું...!!

# આજે રાજ્યના ૩૧૨ કેન્દ્રો પર પીએસઆઈની લેખીત પરીક્ષા

ગાંધીનગર, તા. ૫

રાજ્યના પોલીસ વિભાગમાં ચાલી રહેલી મોટી ભરતી અંતર્ગત રવિવારે રાજ્યના ૩૧૨ કેન્દ્રો પર પીએસઆઈની લેખિત પરીક્ષા યોજાશે. આ પરીક્ષામાં ૯૬ હજાર જેટલા ઉમેદવારો બેસવાના છે. પરીક્ષા સંદર્ભેની તૈયારીઓ પૂર્ણ કરી લેવાઈ છે.

પોલીસ વિભાગના વિવિધ સંવર્ગની ભરતી મોટાપાયે ચાલી રહી છે. વિવિધ જિલ્લાઓમાં શારિરીક કસોટીની પરીક્ષાઓ લેવાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં ગુજરાતના યુવક-યુવતિઓએ ભાગ લીધો હતો. શારિરીક કસોટીઓ પૂર્ણ થતાં તેમાં ઉત્તિર્ણ થયેલા ઉમેદવારોના ડોક્યુમેન્ટસ ચકાસણી બાદ લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. લેખિત પરીક્ષામાં લગભગ ૯૬ હજાર જેટલા ઉમેદવારો બેસવાના હોઈ તેનું આયોજન કરવામાં આવ્યુ છે.

પોલીસ ભરતી બોર્ડ દ્વારા રાજ્યના ૩૧૨ કેન્દ્રો પર પીએસઆઈની લેખિત પરીક્ષા યોજાશે. આ પરીક્ષા સંદર્ભે પોલીસ ભરતી બોર્ડ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવાયા છે. પરીક્ષામાં ગેરરીતિ રોકવા માટે વિવિધ આયોજનો કરવામાં આવ્યા છે. દરેક ક્લાસમાં અને પરીક્ષા કેન્દ્રોની આસપાસ મોબાઈલનો ઉપયોગ ન થઈ શકે તે માટે ઝામર લગાવવામાં આવશે. આસપાસના વિસ્તારોમાં ઈન્ટરનેટ અને મોબાઈલની કનેક્ટીવિટી પણ બંધ કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ખુબ મોટી ભરતી હોઈ યુવાનો આ પરીક્ષા માટે થનગની રહ્યા છે. રાત્રે જ ઘણા બધા યુવાનો પરીક્ષા સ્થળ પર પહોંચી ગયા હતા જેથી વહેલી સવારે પરીક્ષા કેન્દ્ર પર સમયસર પહોંચી શકાય.

# પીપળજ પાસે મહિલાના ગળામાંથી એક લાખના દોરાની ચિલઝડપ

## દોરો ખેંચતા સમયે મહિલા બાઈક પરથી પડી જતા ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર-મહુડી માર્ગ પર સાંજના સમયે બાઈક લઈને દંપતિ પસાર થઈ રહ્યું હતું. તે સમયે પીપળજ એચ.પી.પેટ્રોલ પંપ પાસે અચાનક પાછળથી આવેલા બાઈક સવાર લુંટારૂઓએ મહિલાના ગળામાંથી રૂ.૧ લાખની કિંમતનો સોનાનો દોરો આંખના પલકારામાં તોડી નાસી ગયા હતા. પરંતુ દોરો ખેંચાતા મહિલા જમીન પર પટકાતા ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લોદરા ગામના રમેશભાઈ રેવાભાઈ પટેલ હાલ નવા નરોડા શિવ રેસીડેન્સી ખાતે પત્ની અને બે સંતાનો સાથે રહે છે.ખાનગી દવાખાનામાં કંમ્પાઉન્ડર તરીકે ફરજ બજાવતા રમેશભાઈ અને તેમના પત્ની ભાવનાબેન ગઈકાલે બાઈક લઈને નરોડા થી ચરાડા ગામે બેસણામાં હાજરી આપવા માટે ગયા હતા.બેસણામાં હાજરી આપીને રમેશભાઈ વતન લોદરા ખાતે તેમના ભાઈની દિકરીની સગાઈ પ્રસંગમાં ગયા હતા.સગાઈ બાદ સાંજના સમયે દંપિત બાઈક પર સાંજના સમયે ઘરે પરત નરોડા જવા માટે રવાના થયા હતા. ત્યારે સાંજના સાત વાગ્યાના અરસામાં પીપળજ થી પેથાપુરની વચ્ચે પેટ્રોલ પંપ નજીક બાઈક પર આવેલા ચેઈન સ્નેચરે અચાનક ભાવનાબેનના ગળામાંથી સોનાનો દોરો લુંટી ફરાર થઈ ગયા હતા. રમેશભાઈએ આ સમયે બાઈક પરનો કાબુ ગુમાવતા પાછળ બેઠેલા ભાવનાબેન નીચે પટકાયા હતા. બુમાબુમ થતા આસપાસમાંથી નાગરીકો એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત ભાવના બેનને સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જયારે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

# વિસનગર ફુડ પોઈઝનીંગના ૩૯ વ્યકિતઓએ ગાંધીનગરમાં સારવાર લીધી



ગાંધીનગર, તા.૫

મહેસાણા જિલ્લાના વિસનગરમાં ગઈકાલે રાત્રે લગ્ન પ્રસંગમાં જમણવાર બાદ ૧૨૦૦ થી વધુ નાગરીકો ફુડ પોઈઝનીંગનો ભોગ બન્યા હતા. ત્યારે અમદાવાદ-આણંદ ઘરે રાત્રીના સમયે પરત ફરી રહેલા અંદાજીત ૩૯ જેટલા વ્યકિતઓની અચાનક માર્ગમાં તબિયત બગડી હતી. જેમાં ઝાડા-ઉલ્ટીઓ શરુ થતા આ તમામ વ્યકિતઓને વહેલી સવારે ગાંધીનગર સિવિલ સારવાર માટે લાવવામાં આવ્યા હતા. વહેલી સવારે આટલી મોટીસંખ્યામાં ફુડ પોઈઝનીંગના કેસ આવી જતા ગાંધીનગર સિવિલમાં પણ દોડધામ મચી ગઈ હતી. જયારે તાત્કાલીક વિભાગમાં મેડીકલ ઓફિસર, જેઆર,એસઆર સહિત નર્સિંગ સ્ટાફ પણ દોડી આવ્યો હતો. સિવિલમાં અંદાજીત ૩૯ પૈકી ૪ ને ઓપીડી સારવાર અને ૩૫ વ્યકિતને ઈન્ડોર સારવાર આપી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ વિસનગર ખાતે એક ફાર્મ હાઉસમાં લગ્ન પ્રસંગના જમણવાર બાદ અંદાજીત ૧૨૦૦ થી વધુ વ્યકિતને ખોરાકી ઝેરની અસર થઈ હતી.જેમાં વિસનગર, મહેસાણા, વડનગર, ઉંઝા વિસ્તારમાં સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારે રાત્રીના સમયે અમદાવાદ-આણંદ પરત ફરતા વ્યકિતઓને માર્ગ તબિયત બગડતા સવારે ચાર વાગ્યાના અરસામાં ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ આવ્યા હતા. આ બનાવને પગલે સિવિલ સત્તાધિશોએ દર્દીઓને સારવાર મળી રહે તે માટે વ્યવસ્થા ગોઠવી હતી. જયારે સિવિલ કેમ્પસમા રહેતા નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ જાગૃતિ પટેલ અને એએનએસ પુષ્પાબેન તાત્કાલીક વિભાગ ખાતે પહોંચી ગયા હતા. ટુંક સમયમાં જરુરી ડોકટર ટીમ અને નર્સિંગ ટીમ પણ ઉભી કરી દેવાઈ હતી. જયારે અંદાજીત ૩૯ પૈકી ૪ દર્દીઓને ઓપીડી તેમજ અન્ય દર્દીઓને ઈન્ડોર સારવાર આપી હતી. જયારે બપોર બાદ કેટલાક દર્દીઓ સ્વસ્થ થઈ જતા ઘરે જતા રહ્યા હતા.

## મનપા દ્વારા કર્મયોગીઓનું હેલ્થ ચેક-અપ કરાયું

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ૪ અને ૫ માર્ચના રોજ તેના કર્મચારીઓના હેલ્થ ચેક-અપનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ૨૩૫ જેટલા કર્મયોગીઓએ તેમના હેલ્થનું ચેક-અપ કરાવ્યુ હતુ.

# લો બોલો... યોગીસિટી બસમાં "જતાં" ભાડુ અલગ અને "આવતા" ભાડુ અલગ..!!

## એક મુસાફર ઘ-૫ સર્કલથી ક-૭ સર્કલ જવા બેઠો ત્યારે રૂ. ૧૨ વસુલાયાં, જ્યારે તેજ બસમાં ક-૭ થી ઘ-૫ સર્કલ પરત ફર્યો તો રૂ. ૧૦ વસુલાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં સિટીબસ સેવામાં એક જ રૂટમાં આવવા તથા જવાના ભાડા અલગ અલગ વસુલાતાં હોય તેવી ઘટના પ્રકાશમાં આવી છે. એક મુસાફરે આજે ઘ-૫ સર્કલથી ક-૭ સર્કલની મુસાફરી કરી ત્યારે તેની પાસેથી ટિકિટ ભાડુ રૂ. ૧૨ લેવામાં આવ્યું હતું જ્યારે એજ બસમાં પરત ફરતી વખતે મુસાફરે ક-૭ સર્કલથી ઘ-૫ સુધીની મુસાફરી કરી તો તેની પાસેથી રૂ. ૧૦ની ટિકિટ આપવામાં આવી હતી. એક સરખા અંતર માટે અપ અને ડાઉનના ભાડા માટે અલગ અલગ ટિકિટ દરથી મુસાફરને પણ આશ્ચર્ય થવા પામ્યું હતું.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાંક સમયથી યોગીસિટી બસ સેવા ચલાવાય છે. આજે સવારે ૧૦.૨૮ કલાકે ઘ-૫ સર્કલથી એક યુવાન ક-૭ સર્કલે જવા માટે પથિકાશ્રમ ઉનાવાની સિટીબસમાં બેઠો હતો જેને કન્ડકટરે ટિકિટ નં. ૭૩૧૬૮૯ આપી હતી જેમાં ભાડુ રૂ. ૧૨ લખેલુ હતુ. આ યુવાને તે બસભાડુ ચુકવી ટિકિટ ખિસ્સામાં મુકી હતી અને પોતાનું સ્ટેન્ડ આવતાં ઉતરી ગયો હતો.

આશરે અડધા કલાક પછી પોતાનું કામ પતાવી પરત ફરવા જ્યારે તે યુવાન ક-૭ થી સર્કલે ઉભો હતો ત્યારે તે જ બસમાં ત્યાં સુધી આવ્યો હતો તે જ ઉનાવાથી બસ પરત આવતી જોવા મળી હતી તેથી તે તેમાં બેસી ગયો હતો. બસ પણ એજ હતી અને તેમાં કન્ડક્ટર પણ તેજ હતો. આ વખતે સમય ૧૧.૩૬નો હતો અને કન્ડક્ટરે ટિકિટ નં. ૫૭૫૬૯૦ આપી હતી પરંતુ તેના પર ક-૭ થી ઘ-૫ સર્કલ સુધીનું ભાડુ રૂ. ૧૦ લખેલુ હતુ. તેથી યુવાન ચોંકી ગયો હતો કે એક જ સરખા રૂટમાં 'અપ' વખતે અલગ ભાડું અને 'ડાઉન' વખતે અલગ ભાડુ કેવી રીતે હોઈ શકે ? બસ પણ એક સરખાં રૂટની તેજ બસ હતી. આ બાબતે તેણે કન્ડકટરને પુછતાં કન્ડકટર પણ તેનો અસંતોષકારક જવાબ આપી શક્યો નહોતો તેથી યુવાનને યોગી સિટિબસ દ્વારા મુસાફરોને છેતરવાનો કોઈ કારસ્તો ચલાવાઈ રહ્યો હોય તેવી શંકા થવા પામી છે.

## અમદાવાદ ખાતે ૧૦મીએ દિવ્યાંગ રોજગાર ભરતી મેળો યોજાશે

અમદાવાદ ખાતે દિવ્યાંગો માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૧૦ માર્ચે ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ચાલતા દિવ્યાંગો માટે નેશનલ કેરિયર સર્વિસ સેન્ટર ગેલેક્સી સિનેમા અન્ડરબ્રીજ પાસે, આઈ.ટી.આઈ. કેમ્પસ, કુબેરનગર, અમદાવાદ ખાતે યોજાશે. દિવ્યાંગ ઉમેદવાર જેની અપંગતા ૪૦ ટકા કે તેથી વધુ હોય તેવી અસ્થિ વિષયક, બહેરા-મૂંગા, અલ્પ અંધ જેની ઉંમર ૧૮ થી ૪૦ વર્ષ વચ્ચેના ભાઈ અને બહેનો માટે કેન્દ્રમાં આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે એક ભવ્ય ભરતી મેળાનું આયોજન કર્યુ છે.




**ગાંધીનગર ખાતે બીએસએફ કેમ્પસમાં નવા કરિયર કાઉન્સેલિંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન**

ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર યુનિટના કેમ્પ્સમાં તા.૪થી માર્ચ શુક્રવારના રોજ નવા કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર કમ મલ્ટીપર્પઝ હોલનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. આ સમારોહના મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રાજ્ય સરકારના મુખ્ય સચિવ પંકજ કુમારે આ નવનિર્મિત કેરિયર કાઉન્સેલિંગ સેન્ટર કમ મલ્ટીપર્પઝ હોલનું ઉદ્‌ઘાટન કર્યુ હતું. આ પ્રસંગે રાજયના એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ વિભાગના અગ્ર સચિવ મમતા વર્મા, જીએસપીએલ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર સંજીવ કુમાર, બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરના આઈજી જી.એસ.મલિક અને બીડબલ્યુડબલ્યુએના સવિતા મલિક ઉપસ્થિત રહ્યાં હતાં. આ કેન્દ્રની રચના માટે જીએસપીએલ દ્વારા સી.એસ.આર ફંડ હેઠળ રૂ.૩૫ લાખની રકમ આપવામાં આવી છે જે ૨૧૦ ચો.મી.માં વિકસાવાયું છે. આ કેન્દ્ર બીએસએફ કર્મીઓના બાળકોના ભવિષ્યને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવામાં મદદરૂપ થશે.

# વડાપ્રધાન ૧૧-૧૨ માર્ચે ગુજરાતના પ્રવાસે આવશે

ગાંધીનગર, તા.૫

યુપીમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે આવામાં ત્યાં પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારણસીમાં રોડ શો કર્યો, ચારની ચુસ્કી લીધી અને અડધી રાત્રે કેન્ટ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. આ બધાની વચ્ચે હવે એવી વિગતો સામે આવી છે કે, તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન મોદી ગુજરાતના બે દિવસના મહેમાન બનવાના છે. વડાપ્રધાન મોદી ચાલુ મહિનામાં જ ગુજરાતના મહેમાન બનવાના છે, તેઓ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાનારા પંચાયતી રાજ સંમેલન કાર્યક્રમમાં હાજર રહેવાના છે. આ સિવાય ૧૧ અને ૧૨ માર્ચના તેમના પ્રવાસ દરમિયાન અન્ય કાર્યક્રમોમાં પણ તેઓ ઉપસ્થિત રહેવાના છે.

પંચાયતી રાજ સંમેલનમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થવાના છે અને આ કાર્યક્રમને ડિસેમ્બર મહિનામાં આવી રહેલી ગુજરાતની વિધાનસભા ચૂંટણીના કેમ્પેનની શરુઆત માનવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં ૨૪ વર્ષથી ભાજપ સત્તા પર છે, હવે આગામી ૧૫મી વિધાનસભા ચૂંટણીમાં પણ ભાજપ સત્તામાં રહેવા માટે અને જનતાને રિઝવવાના પ્રયાસો જલદી કરી શકે છે. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસ અંગે સૂત્રો જણાવે છે કે, "પંચાતી રાજ સંમેલન સિવાય વડાપ્રધાન મોદી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કેટલાક કાર્યક્રમોમાં પણ ઉપસ્થિત રહેશે. તેઓ ખેલ મહાકુંભ કાર્યક્રમ દરમિયાન પણ હાજરી આપી શકે છે, જેનું આયોજન સરદાર પટેલ સ્ટેડિયમમાં કરવામાં આવી શકે છે. આ સિવાય પીએમ મોદી ગાંધીનગરમાં રક્ષા શક્તિ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં પણ હાજરી આપી શકે છે. આ તમામ કાર્યક્રમો સહિત તેઓ પોતાના માતા હીરાબાને પણ મળવા માટે ગાંધીનગર જઈ શકે છે. સૂત્રોનું માનવું છે કે, ખેલ મહાકુંભ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીને યુવાનો સાથે તાલમેલ બેસાડવાના પ્રયાસના રૂપમાં જોવામાં આવી રહ્યો છે.

સૂત્રોએ એમ પણ જણાવ્યું કે, આગામી સમયમાં ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે હવે સમયાંતરે તેઓ રાજ્યની મુલાકાતે આવતા રહેશે તેવી સંભાવનાઓ દેખાઈ રહી છે.